# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ત્રિરંગા યાત્રા દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘ઑપરેશન સિંદૂર ’ને આતંકવાદ સામે ભારતની લડાઈની એક જ્વલંત સફળતા ગણાવી.**
2. **D.R.I.એ લક્ઝરી કાર આયાતકારો દ્વારા કરાતી 25 કરોડ રૂપિયાથી વધુની કસ્ટમ ડ્યૂટીની ચોરી પકડી.**
3. **મહેસાણામાં ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ચાર લોકોના ઘટનાસ્થળે મોત.**
4. **કૃષિમંત્રી રાઘવજી પટેલ આજે અમદાવાદમાં ‘કેસર કેરી મહોત્સવ 2025’નો આરંભ કરાવશે.**
5. **દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TRIRANGA YATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , 'ઑપરેશન સિંદૂર ' કરોડો દેશવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. આ આતંકવાદ સામે ભારતની લડાઈની એક જ્વલંત સફળતા છે. અમદાવાદમાં ગઈકાલે ત્રિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું, 'ઑપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો. આજે સમગ્ર વિશ્વ ભારતના સૈન્ય અને વાયુ દળની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત છે.

ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર ' દ્વારા મા ભારતીને તથા આપણા ત્રિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં આગામી 23 મે સુધી રાષ્ટ્રવ્યાપી ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. ગઈકાલે અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલા વ્યાસવાડી ભગવાન પરશુરામ પ્રતિમા પાસેથી ત્રિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવી મુખ્યમંત્રી પણ યાત્રામાં જોડાયા હતા.

---

# PATAN TAX

પાટણ નગરપાલિકામાં વેરા શાખા દ્વારા કુલ બે સ્થળ પર વેરા વસૂલાત કેન્દ્ર શરૂ કરાયા. અત્યાર સુધીમાં કુલ 14 હજારથી વધુ મિલકતધારકોએ કુલ સાત કરોડ 64 લાખ રૂપિયાનો વેરો ભર્યો છે. નગરજનોને મુશ્કેલી ન પડે તે માટે કુલ છ કેન્દ્ર પર વેરો સ્વીકારવામાં આવે છે તેમ વેરા અધિકારી સંજય પટેલે જણાવ્યું હતું.

**(બાઈટ – સંજય પટેલ, પાટણ નગરપાલિકા)**

---

# AHD CUSTOM DUTY

D.R.I. - ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજેન્સે લક્ઝરી કાર આયાતકારો દ્વારા કરાતી 25 કરોડ રૂપિયાથી વધુની કસ્ટમ ડ્યૂટીની ચોરી પકડી છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, D.R.I.ને મળેલી માહિતીમાં ખૂલાસો થયો કે, લક્ઝરી કારનું આયાત મૂલ્ય અંદાજે 50 ટકા જેટલું ઓછું દર્શાવી કસ્ટમ ડ્યૂટીમાંથી બચવાનો પ્રયાસ કરાતો હતો.

આ કારને પહેલા વિદેશ મોકલી , ત્યાં થોડા ફેરફાર કર્યા પછી કેટલાક દસ્તાવેજો દ્વારા ખોટું આયાત મૂલ્ય દર્શાવીને ભારતમાં આયાત કરાતી હોવાનો પણ ખૂલાસો થયો છે. તપાસમાં જાણવા મળ્યું કે , લક્ઝરી ગાડીઓના આ આયાતકર્તાઓ અમદાવાદ , હૈદરાબાદ, મુંબઈ , પુણે, બેંગ્લુરુ અને દિલ્હી જેવા શહેરોના છે. આ મામલે D.R.I.એ હૈદરાબાદ સ્થિત એક વેપારીની ધરપકડ કરી હતી. તેમને અમદાવાદની ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ અદાલત દ્વારા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. આ અંગે D.R.I.ની તપાસ ચાલી રહી છે.

---

# MEHSANA ACCIDENT

મહેસાણામાં ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા ચાર લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે , કડી નજીક આવેલી ઊંટવા ચોકડી નજીક સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત

અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં કડી પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

---

# PURAK PARIKSHA

ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ 10 બોર્ડની પરીક્ષામાં એક કે તેથી વધુ વિષયમાં ગેરહાજર , નાપાસ અથવા તો પોતાનું પરિણામ સુધારવા ઈચ્છુક વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે. પરીક્ષા માટેનું આવેદન શાળાઓ આગામી 20 મે સાંજે પાંચ વાગ્યા સુધી WWW.GSEB.ORG વેબસાઈટ પર ઑનલાઈન કરી શકશે.

---

# KERI MAHOTSAV

કૃષિમંત્રી રાઘવજી પટેલ આજે અમદાવાદમાં ‘કેસર કેરી મહોત્સવ 2025 ’નો આરંભ કરાવશે. વસ્ત્રાપુર હાટ ખાતે યોજાનારા મહોત્સવમાં ખેડૂતો આગામી 13 જૂન સુધી કેરીનું સીધું વેચાણ કરી શકશે. સત્તાવાર યાદી મુજબ, મહોત્સવમાં ખેડૂત મંડળીઓ, પ્રાકૃતિક ખેતી તેમજ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને 85 જેટલી હાટડી વિનામૂલ્યે ફાળવવામાં આવી છે.

લોકો ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડમુક્ત કેરી ખરીદી શકશે. ઉપરાંત મહોત્સવમાં લોકોને તલાલા-ગીર , જુનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા જિલ્લાની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ

થશે. ઉલ્લેખનીય છે કે , વર્ષ 2023ના કેસર કેરી મહોત્સવ દરમિયાન એક જ મહિનામાં વિક્રમજનક બે લાખ 70 હજાર કિલોથી વધુની કેરીનું વેચાણ થયું હતું.

---

# RAJKOT VIKAS KARYA

રાજકોટમાં કલેક્ટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ, જેમાં ગ્રામ્ય પાણી પૂરવઠા યોજના હેઠળ અંદાજે 51 લાખ 24 હજાર 243 રૂપિયાના વિકાસકાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી.

આ પૈકી ગોંડલ તાલુકામાં ત્રણ લાખ 73 હજારથી વધુ , આંબરડી ગામમાં એક લાખ 24 હજારથી વધુ , બેટાવડ ગામમાં 62 હજાર રૂપિયથી વધુ અને નાના મહિકા ગામમાં એક લાખ 86 હજાર રૂપિયાથી વધુના ખર્ચે હયાત બોર પર પમ્પિંગ મશીનરીની કામગીરી કરાશે તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

---

# NAVSARI BIOCHAR

નવસારી કૃષિ વિશ્વ-વિદ્યાલયમાં બાયોચાર પ્રસંસ્કરણ એકમ સ્થાપિત કરાયું છે. વિશ્વ-વિદ્યાલયના એક સંશોધનકર્તાએ જમીનમાં કાર્બન વધારી શકે તેવું સંશોધન કરીને આ બાયોચાર બનાવ્યું છે.

દરિયાકાંઠા વિસ્તારમાં પ્રાયોગિક ધોરણે બાવળ સળગાવીને તેનું ખાતર બનાવવામાં આવે છે તેને બાયોચાર કહેવાય. તેનો ઉપયોગ જમીનને સુધારવા અને કાર્બનને અલગ કરવા જરૂરી માર્ગ બની શકે છે. આ અંગે કૃષિ વિશ્વ-વિદ્યાલયના કુલપતિ ડૉક્ટર ઝીણાભાઈ પટેલે માહિતી આપી.

**(બાઈટ- ડૉ. ઝીણાભાઈ પટેલ)**

---

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી છે. જ્યારે આગામી સાત દિવસ રાજ્યના તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાઈ શકે છે. દરમિયાન આજે દક્ષિણ ગુજરાતના ડાંગ , નવસારી, વલસાડ, તાપી તેમજ દમણ અને દાદરા-નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર વરસાદ વરસી શકે છે.

તો સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(બાઈટઃ રામાશ્રય યાદવ)**

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. જ્યારે કંડલા વિમાનમથક અને અમદાવાદમાં 38 ડિગ્રી , ભુજ, કંડલા બંદર , ડીસા અને ગાંધીનગરમાં 36 ડિગ્રી

સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયું છે.

---

# NAVSARI NUKSAN

નવસારી જિલ્લામાં કમોસમી વરસાદના કારણે આંબા પરથી અંદાજે 50થી 80 ટકા જેટલી કેરીઓ નીચે ખરી પડતાં ખેડૂતોને નુકસાન પહોંચ્યું છે. બદલાતા વાતાવરણમાં કેરીને જાળવી રાખવા નવા સંશોધનની જરૂર હોવાનો ખેડૂતો કહી રહ્યા છે. નુકસાન અંગે જતીન નાયકે વધુ માહિતી આપી.

**(બાઈટઃ જતીન નાયક, ખેડૂત)**

---

# STATE RAIN

રાજ્યમાં ગઈકાલે સવારે છ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં માત્ર ચાર તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો. નર્મદાના સાગબારા તાલુકામાં દોઢ ઈંચથી વધુ, ડાંગના ડાંગ-આહવા તાલુકામાં એક ઈંચ , ડાંગના સુબિર અને વઘઈ તાલુકામાં અડધા ઈંચથી ઓછો વરસાદ નોંધાયાના અહેવાલ છે.

દરમિયાન ડાંગ જિલ્લામાં ગઈકાલે સવારથી વાદળછાયા વાતાવરણ બાદ મુખ્યમથક આહવા ગિરિમથક સાપુતારામાં વરસાદ વરસ્યો હતો.

---

# TRAIN TIME

પશ્ચિમ રેલવે દ્વારા 16 મે- શુક્રવારથી વટવા-વડોદરા મેમૂ ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો છે. સત્તાવાર યાદી મુજબ , વટવા-વડોદરા મેમુ 16 મે-એ વટવાથી સાંજે પાંચ વાગ્યેને 40 મિનિટની જગ્યાએ સવા પાંચ વાગ્યે ઉપડશે અને રાત્રે આઠ વાગ્યેને પાંચ મિનિટે વડોદરા પહોંચશે.

---